*નિર્દેશ : પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો. OMR શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરવાનું છે.*

1. નીચેના વિધાનમાં સંયોજક શોધો.
'ગાંધીજીએ યાત્રા કરી, કેમકે એમના ગુરુની આજ્ઞા હતી.'
(1) કેમકે
(2) હતી
(3) યાત્રા
(4) કરી

2. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
'શૈલેષ આવ્યો ને પ્રશ્ન ઉકલી ગયો.'
(1) ને
(2) પ્રશ્ન
(3) શૈલેષ
(4) આવ્યો

3. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
'કિનાને તૈયાર થતાં ફક્ત દસ મિનિટ લાગે છે.'
(1) કિનાને
(2) ફક્ત
(3) દસ
(4) તૈયાર

4. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'મર્મને જાણનાર'.
(1) મર્મી
(2) અક્કરમી
(3) કર્મી
(4) ગર્મી

5. 'આ ચિત્ર જુઓ' વિધાનમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર શોધો.
(1) સંખ્યાદર્શક
(2) પ્રશ્નવાચક
(3) દર્શક વિશેષણ
(4) પ્રમાણ/માત્રાવાચક

6. તળપદા શબ્દનો શિષ્ટ શબ્દ શોધો - 'હાલરુ'.
(1) સાવરણી
(2) બેહાલ
(3) હાલ
(4) ટોળું

7. 'પ્રશંસા' શબ્દનો વિરુદ્ધાર્થી શોધો.
(1) પ્રગતિ
(2) ઉન્નતિ
(3) વખાણ
(4) નિંદા

8. વિકલ્પોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.
(1) પરાક્રમી
(2) જુનું
(3) અધિક
(4) પવિત્ર

9. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'બાળકથી માંડી વૃદ્ધ સુધી'.
(1) લોક
(2) ટોળું
(3) આબાલવૃદ્ધ
(4) સમગ્ર

10. 'વિલય' શબ્દનો સમાનાર્થી શોધો.
(1) મોક્ષ
(2) બક્ષિસ
(3) નાશ
(4) વિલાપ

11. સાચું સંધિજોડાણ શોધો - 'પીત+અંબર'.
(1) પ્રીતાંબર
(2) પ્રિતામ્બર
(3) પિતાંબર
(4) પીતાંબર

PariksaPath · pariksapath.in

12. 'આબોહવા' શબ્દનો સમાસ ઓળખાવો.
(1) બહુવ્રિહી
(2) દ્વંદ્વ
(3) ઉપપદ
(4) મધ્યમપદલોપી

13. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
'ભણેલા સુધ્ધાં આવી ભૂલ કરે છે.'
(1) આવી
(2) ભૂલ
(3) સુધ્ધાં
(4) ભણેલા

14. 'કૂવો - હવાડો કરવો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) પાણીમાં ડૂબી આત્મહત્યા કરવી
(2) પાણી ભરવા જવું
(3) કૂવો ખોદવો
(4) હવાડો ખાલી કરવો

15. 'ગંગા નહાવી' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.
(1) નિરંતર પ્રયત્નશીલ રહેવું
(2) ગીત ગાતા ગંગા પાર કરવી
(3) કામ પત્યાનો સંતોષ થવો
(4) ગંગામાં ડુબકી મારવી

16. સાચો સંધિવિગ્રહ શોધો - 'ચરણોદક'.
(1) ચરણ + ઉદક
(2) ચરન + ઊદક
(3) ચરન + ઉદક
(4) ચરણ + ઊદક

17. સાચો સંધિવિગ્રહ શોધો - 'પ્રેમોપચાર'.
(1) પ્રેમો + પચાર
(2) પ્રેમ: + ચાર
(3) પ્રેમ + ઉપચાર
(4) પ્રેમ + ઊપચાર

18. વિકલ્પોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.
(1) પાંગળું
(2) પ્રિતી
(3) મુક્તિ
(4) બુદ્ધિ

19. 'વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો' પંક્તિમાં કયો અલંકાર છે?
(1) પ્રાસસાંકળી
(2) ઉત્પ્રેક્ષા
(3) ઉપમા
(4) રૂપક

20. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
'ક્રિના પ ગીત ગાશે.'
(1) ગીત
(2) ગાશે
(3) ક્રિના
(4) પ

21. ગુજરાતના ક્યા સ્થળને 'સાપનું નિવાસસ્થાન' ગણવામાં આવે છે?
(1) સાપુતારા
(2) બરડો ડુંગર
(3) મોરબી
(4) જૂનાગઢ

22. અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ગુજરાતના ક્યા જિલ્લા સાથે જોડાણ ધરાવે છે?
(1) વડોદરા
(2) ગાંધીનગર
(3) અમદાવાદ
(4) મહેસાણા

23. મોરબી શહેર ક્યા ઉદ્યોગ માટે જાણીતું છે?
(1) હિરા
(2) બાંધણી
(3) સિરામિક
(4) ટેક્સટાઈલ



PariksaPath · pariksapath.in

24. ગુજરાતનાં પ્રસિદ્ધ પટોળાં ક્યા શહેરમાં તૈયાર થાય છે?
(1) પાટણ
(2) વાપી
(3) પાવાગઢ
(4) પાલિતાણા

25. 'મગર સંવર્ધન અને વ્યવસ્થાપન તાલીમ સંસ્થા' ક્યા આવેલી છે?
(1) વારાણસી
(2) નાગપુર
(3) હૈદરાબાદ
(4) દિલ્હી

26. ભારતીય ચલણી નોટ એ નીચેના પૈકી શું છે?
(1) બૅંક ડ્રાફ્ટ
(2) પ્રોમીસરી નોટ
(3) ચેક
(4) હુંડી

27. રામચરિતમાનસની રચના કોણે કરી છે?
(1) નારદમુનિ
(2) શિવકૃપાનંદ સ્વામી
(3) ગોસ્વામી તુલસીદાસ
(4) મહર્ષિ વ્યાસ

28. ગુજરાતનું એક માત્ર હિલ સ્ટેશન કયુ છે?
(1) અંબાજી
(2) જૂનાગઢ
(3) પોલો ફોરેસ્ટ
(4) સાપુતારા

29. 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશીપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે?
(1) 29 જુલાઈ
(2) 28 જુલાઈ
(3) 31 જુલાઈ
(4) 30 જુલાઈ

30. 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના'માં શેનું પરીક્ષણ કરવામ આવે છે?
(1) ખોરાક
(2) બિયારણ
(3) પશુ
(4) જમીન

31. એશિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ ક્યાં આવેલું છે?
(1) વેરાવળના દરિયાકાંઠે
(2) ભાવનગરના દરિયાકાંઠે
(3) કચ્છના માંડવી ખાતે
(4) જામનગરનાં ઓખા અને લાંબા ખાતે

32. કયા પાકના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથ સ્થાને છે?
(1) ઘઉં
(2) એરંડા
(3) શેરડી
(4) બાજરી

33. કાગદી લીંબુનું વાવેતર ગુજરાતમાં ક્યાં થાય છે?
(1) મુંદ્રા (કચ્છ)
(2) મહુવા (ભાવનગર)
(3) જૂનાગઢ
(4) પાલિતાણા (ભાવનગર)

34. નીચેના પૈકી સૌથી મોટી ખાંડની ફેકટરી ક્યાં આવે છે ?
(1) નવસારી
(2) બારડોલી
(3) સુરત
(4) રાજકોટ

35. ગુજરાતનો દરિયા કિનારો કેટલા કિ.મી. લાંબો છે?
(1) 1600 કિ.મી.
(2) 2200 કિ.મી.
(3) 1800 કિ.મી.
(4) 1500 કિ.મી.

PariksaPath · pariksapath.in

36. કુદરતી ગેસનું ઉદભવ સ્થાન ગાંધાર ક્યા જિલ્લામાં આવેલું છે?

(1) પોરબંદર

(2) પંચમહાલ

(3) ભરૂચ

(4) કચ્છ

37. 'સૌરાષ્ટ્રની ગંગા' તરીકે કઈ નદી ઓળખાય છે ?

(1) ભાદર

(2) રુપાવો

(3) શેતલ

(4) મોજ

38. ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન સૌથી વધુ ક્યાં થાય છે?

(1) જૂનાગઢ

(2) ભરૂચ

(3) ચરોત્તર

(4) સાબરકાંઠા

39. મધ્યપ્રદેશની હદને ગુજરાત રાજ્યના ક્યા બન્ને જિલ્લાની હદ મળે છે?

(1) છોટાઉદેપુર, નર્મદા

(2) પંચમહાલ, દાહોદ

(3) મહીસાગર, દાહોદ

(4) દાહોદ, છોટાઉદેપુર

40. ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ સૂર્ય ક્યા જિલ્લામાં દેખાય છે?

(1) દાહોદ

(2) અમદાવાદ

(3) પંચમહાલ

(4) વડોદરા

41. ભારતની 'કુલ ઘરેલું ઉત્પાદન' (Gross Domestic Product) ની ગણતરી કરવા માટે કઈ સંસ્થા કાર્યરત છે?

(1) રાષ્ટ્રીય આંકડાકીય કચેરી

(2) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

(3) ભારતીય આંકડાકીય સંસ્થા

(4) ભારતીય રિઝર્વ બેંક

42. તાજેતરમાં શ્રી રાજીવ તારાનાથનું નિધન થયું છે. તેઓ નીચે દર્શાવેલ વાદ્યો પૈકી ક્યા વાદ્યના કલાકાર હતાં ?

(1) વાયોલીન

(2) વાંસળી

(3) સરોદ

(4) તબલા

43. તાજેતરમાં સમાચારમાં રહેલ 'chang'e-6 અવકાશયાન ક્યાં દેશ સાથે સંબંધિત છે ?

(1) ફિલીપાઈન્સ

(2) રશિયા

(3) ચીન

(4) જાપાન

44. તાજેતરમાં અલગ વાદળી રંગની કીડીની પ્રજાતિ ક્યાંથી મળી આવી હતી?

(1) અરુણાચલ પ્રદેશ

(2) આસામ પ્રદેશ

(3) હીમાચલ પ્રદેશ

(4) તેલંગણા પ્રદેશ

45. વર્તમાન લોકસભાની ચૂંટણીમાં સૌથી ઓછું મતદાન ક્યા જિલ્લામાં થયું હતું?

(1) જામનગર

(2) અમરેલી

(3) ભાવનગર

(4) રાજકોટ

PariksaPath · pariksapath.in

46. તાજેતરમાં પરમાણુ ઘડીયાળ ચર્ચામાં હતી, નીચેનામાંથી કયુ તત્વ પરમાણુ ઘડિયાળોમાં ટાઈમકીપર તરીકે વપરાય છે?

(1) કેલ્શિયમ

(2) મેગ્નેશિયમ

(3) પોટેશિયમ

(4) સીઝિયમ

47. તાજેતરમાં મહારાણી મંદિર સમાચારમાં હતું, તે ક્યાં આવેલું છે?

(1) ગુલમર્ગ, જમ્મુ કાશ્મીર

(2) મદુરાઇ, તમિલનાડુ

(3) બદ્રીનાથ, ઉત્તરાખંડ

(4) વારાણસી, ઉત્તરપ્રદેશ

48. તાજેતરમાં કેન્દ્ર સરકારના મુખ્ય પ્રવક્તા તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?

(1) ધીરેન્દ્ર મહેતા

(2) ધીરેન્દ્ર શર્મા

(3) ધીરેન્દ્ર ઓઝા

(4) ધીરેન્દ્ર બ્રહ્મચારી

49. તાજેતરમાં ક્યા દેશમાં 'રોબોટ દ્વારા આત્મહત્યા' કરવામાં આવી હતી?

(1) દક્ષિણ કોરિયા

(2) દક્ષિણ રશિયા

(3) દક્ષિણ આફ્રિકા

(4) દક્ષિણ અમેરિકા

50. વર્ષ 2024 ના 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણીનો યજમાન દેશ કયો છે?

(1) મોઝામ્બિક

(2) ઝામ્બિયા

(3) કંબોડિયા

(4) સાઉદી અરેબિયા

51. 12 અને 15 નો ગુ.સા.અ. જણાવો.

(1) 30

(2) 60

(3) 3

(4) 5

52. 120 નાં 20% બરાબર શું થાય ?

(1) 60

(2) 96

(3) 12

(4) 24

53. 42 માણસો એક કામ 15 દિવસમાં પૂરું કરે, તો 3 માણસોને તે કામ પૂરું કરતાં કેટલા દિવસ લાગે?

(1) 19 દિવસ

(2) 21 દિવસ

(3) 17 દિવસ

(4) 18 દિવસ

54. ________ સમીકરણનો આલેખ ઉગમબિંદુમાંથ પસાર થાય છે.

(1) $x+y=0$

(2) $2y-3=0$

(3) $x+y=1$

(4) $2x-2y=1$

55. જો એક બેટની કિંમત ₹ 420 હોય અને તેના પર 5 વળતર મળતું હોય તો, તેની વેચાણ કિંમત કેટલી થશે?

(1) ₹ 410

(2) ₹ 420

(3) ₹ 390

(4) ₹ 399

56. $15+0\times15$ બરાબર કેટલા થાય ?

(1) 125

(2) 225

(3) 0

(4) 15

PariksaPath · pariksapath.in

57. ત્રિજ્યાનાં માપની સમાન જીવાઓ વર્તુળનાં કેન્દ્ર આગળ ________° માપનો ખૂણો બનાવે.

(1) 30
(2) 45
(3) 90
(4) 60

58. 1 અને 7 વચ્ચેની પૂર્ણાંક સંખ્યાઓની સરાસરી શોધો.

(1) 4
(2) 5
(3) 2
(4) 3

59. બે સમઘનના ક્ષેત્રફળનો ગુણોત્તર 4 : 9 હોય, તો તેમના ઘનફળનો ગુણોત્તર ________ થાય.

(1) 2 : 3
(2) 27 : 8
(3) 8 : 27
(4) 27 : 64

60. કિંમત શોધો. : $4\sin^2\theta + 4\cos^2\theta - 4$

(1) 4
(2) 6
(3) 0
(4) 2

61. મોટર વાહન સાયલેન્સર વગર ચલાવવુ એ ________.

(1) સરકારી નિયમ છે
(2) સગીર વ્યક્તિ તે કરી શકે છે
(3) ગુન્હો બને છે
(4) ગુન્હો બનતો નથી

62. મોટર વાહનમાં પેટ્રોલ/ડીઝલ/ગેસ ભરાવતા હોય ત્યારે ________.

(1) ટાયરની હવા ચેક કરવી નહીં
(2) વાહનના ગ્લાસ સાફ કરવા નહીં
(3) વાહન લાઈટ ચાલુ કરવી નહીં
(4) ધુમ્રપાન કરવું નહીં

63. મોટર વાહન ઉપર લાલ કલરની ટોપ લાઈટ લગાવવા કોને અધિકૃત કરવામાં આવેલ છે?

(1) ધારાસભ્યો/સંસદસભ્યો
(2) કેન્દ્ર સરકારના નોટીફિકેશનથી અધિકૃત કરે તેવા મહાનુભાવો
(3) જિલ્લા કલેક્ટર
(4) પોલિસ અધિકારી

64. સ્કૂલ બસ વિદ્યાર્થીઓને ચડવા ઉતારવા માટે ઊભી રાખવામાં આવેલ હોય ત્યારે ________.

(1) વાહનને ધીમાવો અને સાવચેતીપૂર્વક આગળ વધો
(2) ઝડપથી આગળ વધો
(3) હોર્ન વગાડી આગળ વધો
(4) વિશેષ કાળજી લેવાની જરૂર નથી

65. PUCનું આખું નામ શું છે?

(1) પેટ્રોલ અંડર કંટ્રોલ
(2) પીપલ અંડર કંટ્રોલ
(3) પોલ્યુશન અંડર કંટ્રોલ
(4) પોપ્યુલેશન અંડર કંટ્રોલ

66. પરોપકારી જીવ તરીકે વાહન અકસ્માતમાં ઘવાયેલ વ્યક્તિને મદદ કરનારને કેટલા રૂપિયાનું ઇનામ આપવામાં આવે છે?

(1) ₹ 5000
(2) ₹ 10000
(3) ₹ 2000
(4) ₹ 3000

67. અધિકૃત એલપીજી/સીએનજી કીટ ફીટ કરાવેલ હોય તો તેની નોંધ આરટીઓ પાસે કરાવવી ફરજીયાત છે?

(1) ના
(2) મરજિયાત છે
(3) માન્ય સેન્ટરમાં નોંધ કરાવેલ છે
(4) હા

PariksaPath · pariksapath.in

68. ચાર રસ્તા વચ્ચે પીળા કલરના ચોરસ (square) આકારના પટ્ટા લગાવેલ ટ્રાફિક નિશાની શું દર્શાવે છે?
(1) વાહન માટે પ્રવેશ પ્રતિબંધ
(2) ચાર રસ્તાની સુંદરતા વધારો કરવા માટે
(3) વાહન પાર્કિંગ માટેની જગ્યા
(4) વાહનને થોભવાની મનાઈ

69. HSRP નંબર પ્લેટ ઉપર અનાધિકૃત ફેરફાર કરવા બદલ ગુન્હો બને છે?
(1) ગુન્હાની કોઈ જોગવાઈ નથી
(2) પ્લેટ લગાડનારની સંમતિથી ફેરફાર થઈ શકે
(3) હા
(4) ના

70. વાહનના દસ્તાવેજો તથા ડ્રાઈવિંગ લાયસન્સ ડીજીટલ ફોર્મમાં કઈ વેબસાઈટ પર જોઈ શકાય છે?
(1) કેન્દ્ર સરકારની mparivan વેબસાઈટ
(2) કેન્દ્ર સરકારની morth વેબસાઈટ
(3) વાહન વ્યવહાર કમિશ્નરની વેબસાઈટ
(4) ગુજરાત સરકારની વેબસાઈટ

71. ગોળાકાર (Round) આકારમાં દર્શાવેલ ટ્રાફિકની નિશાનીઓ શું સૂચવે છે?
(1) પાર્કિંગ દિશાસૂચક
(2) માર્ગને આકર્ષક બનાવવા
(3) આજ્ઞાત્મક સૂચક
(4) ભય/ચેતવણી સૂચક

72. મોટર વાહનથી પ્રાણઘાતક અકસ્માત થાય ત્યારે વાહનચાલક નજીકના પોલીસ સ્ટેશનમાં કેટલા સમયમાં જાણ કરશે?
(1) 12 કલાક
(2) 48 કલાક
(3) 24 કલાક
(4) 36 કલાક

73. જૂના વાહન ખરીદનારે કેટલા દિવસમાં વાહન ટ્રાન્સફર કરાવવાનું હોય છે?
(1) 45 દિવસ
(2) સમયમર્યાદા નથી
(3) 30 દિવસ
(4) 15 દિવસ

74. મોટરકારને રોંગ સાઈડમાં ચલાવવાના ગુન્હા બદલ કેટ દંડ છે?
(1) ₹ 4000
(2) ₹ 1000
(3) ₹ 2000
(4) ₹ 3000

75. વાહન ચાલકને ચેકિંગ અધિકારી સમક્ષ વાહન દસ્તાવેજો કેટલા સમયમાં રજુ કરવાનો વિકલ્પ આપવામ આવે છે?
(1) 10 દિવસ
(2) 15 દિવસ
(3) 3 દિવસ
(4) 7 દિવસ

76. હીટ એન્ડ રન (Hit and Run) ના કેસમાંવાહન અકસ્માતથી વ્યક્તિનું મૃત્યુ થાય તો કેટલું વળતર આપવામાં આવે છે?
(1) ₹ 1 લાખ
(2) ₹ 50 હજાર
(3) ₹ 3 લાખ
(4) ₹ 2 લાખ

77. અધિકૃત પોલીસ ઓફિસર/આરટીઓ ઓફિસરને વાહનના દસ્તાવેજો ક્યા ફોર્મમાં રજુ કરી શકાય?
(1) અસલ દસ્તાવેજો અથવા ડીજીટલ ફોર્મમાં
(2) કલર ઝેરોક્ષ નકલો
(3) વાહનના દસ્તાવેજોની પ્રમાણિત નકલો
(4) સાદી ઝેરોક્ષ નકલો

78. ગુડ્સ વાહનો તથા પેસેન્જર બસના આગળના બમ્પરના ભાગે ક્યા કલરની ફ્લોરોસંટ રીફલેક્ટીવ ટેપ લગાવવામાં આવે છે?
(1) લાલ કલર
(2) લીલો કલર
(3) પીળો કલર
(4) સફેદ કલર

79. લાઈટ મોટરકારને નિયત ગતિ મર્યાદા કરતાં વધુ ઝડપથી ચલાવવામાં આવે તો કેટલો દંડ થઇ શકે?
(1) ₹ 500
(2) ₹ 1500
(3) ₹ 2000
(4) ₹ 1000

80. ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા / રીન્યુઅલ કરાવવા અરજદારની મહત્તમ ઉંમર મર્યાદા કેટલી છે?
(1) 75 વર્ષ
(2) નિશ્ચિત કરેલ નથી
(3) 50 વર્ષ
(4) 60 વર્ષ

81. કોમર્શિયલ વાહન ચાલાવવા માટેનું લાઈસન્સ લેવા માટે જરૂરી ઉંમર કેટલી છે?
(1) 20 વર્ષ
(2) 19 વર્ષ
(3) 18 વર્ષ
(4) 21 વર્ષ

82. નશાયુક્ત ચીજ, દારૂનું સેવન કર્યા બાદ વાહન ચલાવવામાં આવે તો.
(1) ડ્રાઈવરનાં જજમેન્ટ અને દૃષ્ટિ બંને નબળાં પડે છે
(2) ડ્રાઈવરનાં સ્વાસ્થ્ય પર અસર થતી નથી
(3) જજમેન્ટમાં કોઈ ફરક પડતો નથી
(4) ડ્રાઈવરની દૃષ્ટિને કોઈ અસર થતી નથી

83. કારની ડેશબોર્ડ ઉપર લગાડેલ ટેમ્પરેચર મીટર શેનું તાપમાન બતાવે છે?
(1) કારના એન્જીનનું તાપમાન
(2) કારની ડીકીનું તાપમાન
(3) કારની બહારના વાતાવરણનું તાપમાન
(4) કારની અંદરનું તાપમાન

84. ટ્રાફિક સિગ્નલમાં લાલ લાઈટ શું દર્શાવે છે?
(1) વાહન ધીમે ચલાવો
(2) વાહન સ્પીડમાં ચલાવો
(3) સાવચેતીપૂર્વક આગળ વધો
(4) વાહન થોભાવો

85. વાહન કઈ જગ્યાએ પાર્કિંગ કરી શકાય નહીં?
(1) ટ્રાફિક સિગ્નલ લાઈટ પાસે.
(2) અજાણી જગ્યાએ
(3) રસ્તાની ડાબી બાજુએ
(4) પાર્કિંગ કરવાની જગ્યા માન્ય હોય.

86. જ્યારે કારમાં ચાઈલ્ડ લોક ચાલુ કરેલ હોય ત્યારે.
(1) દરવાજો બંને બાજુથી ખોલી શકાય
(2) દરવાજો તોડવો પડે
(3) દરવાજો ફક્ત અંદરની બાજુથી ખોલી શકાય
(4) દરવાજો બહારની બાજુથી ખોલી શકાય

87. ટ્રાફિક જંકશન ઉપર લીલી લાઈટ પછી કઈ લાઈટ થશે?
(1) પીળી
(2) કોઈ
(3) લાલ
(4) ભૂરી

88. યુ ટર્ન લેતી વખતે સિગ્નલ કઈ રીતે દર્શાવાય?
(1) ધીમું પાડવાનો સિગ્નલ
(2) તમારું વાહન ઊભું રાખશો
(3) ડાબી બાજુ વળવાનું સિગ્નલ
(4) જમણી બાજુ વળવાનું સિગ્નલ

89. જરૂરિયાત વગર હોર્નનો વારંવાર ઉપયોગ ગુન્હો બને છે?
(1) એવો કાયદો નથી
(2) કહી શકાય નહીં
(3) હા
(4) ના

90. મોટરબાઈક ચલાવતી વખતે મોબાઈલ ફોન પર વાત કરવી એ :
(1) અકસ્માત નથી થતો
(2) ગુનો બને છે
(3) ગુનો બનતો નથી
(4) ઈમરજન્સી સંજોગોમાં વાત કરી શકાય છે

PariksaPath · pariksapath.in

91. તમે એવા ચાર રસ્તા ઉપર પહોંચો છો જ્યાં પીળી સિગ્નલ લાઈટ ઝબકારા મારે છે ત્યારે.
(1) વાહન ધીમું કરીને સલામત લાગે તેમ નક્કી થાય તો આગળ વધશો
(2) વાહનમાંથી નીચે ઉતરી જશો
(3) કોઈ પણ જાતનો પ્રતિબંધ ન હોવાથી એ જ ગતિએ આગળ વધશો
(4) વાહન થોભાવી લીલી લાઈટ થાય ત્યાં સુધી ઊભા રહેશો

92. પાકા લાઈસન્સ માટે તમે કેટલા દિવસ પછી અરજી કરી શકો?
(1) લર્નર્સ લાઈસન્સ ઈશ્યુ થયાની તારીખથી 100 દિવસ પછી.
(2) લર્નર્સ લાઈસન્સ ઈશ્યુ થયાની તારીખથી 150 દિવસ પછી.
(3) લર્નર્સ લાઈસન્સ ઈશ્યુ થયાની તારીખથી 30 દિવસ પછી.
(4) લર્નર્સ લાઈસન્સ ઈશ્યુ થયાની તારીખથી 60 દિવસ પછી.

93. ફૂટપાથ વગરનાં રસ્તા પર રાહદારીઓએ કઈ બાજુ ચાલવું જોઈએ?
(1) રસ્તાનાં મધ્ય ભાગમાં
(2) રસ્તાની કોઈપણ બાજુ
(3) રસ્તાની ડાબી બાજુ
(4) રસ્તાની જમણી બાજુ

94. આગળના વાહનને ઓવરટેક કરવા દેવા માટે સિગ્નલ બતાવેલ નથી તો...
(1) હોર્ન વગાડી આપણે ઓવરટેક કરી શકીએ.
(2) આપણે ઊભા રહીએ.
(3) આપણે ઓવરટેક કરી શકીએ.
(4) આપણે ઓવરટેક કરીશું નહીં.

95. ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ અથવા ટ્રાફિક પોલીસ ન હોય ત્યારે કઈ બાજુના વાહનોને અગ્રતા આપશો?
(1) ડ્રાઈવરની જમણી બાજુના
(2) વાહનોની સંખ્યા વધુ હોય તે બાજુના
(3) ડ્રાઈવરની ડાબી બાજુના
(4) ડ્રાઈવરની સામેની બાજુના

96. રાત્રે શહેરમાં વાહન ચલાવતી વખતે.
(1) બધી જ લાઈટો બંધ કરી દેવી
(2) રાત્રે ન નીકળવું.
(3) વાહનની હેડ લાઈટના લો બીમનો ઉપયોગ કરવો
(4) હાઈ બીમનો ઉપયોગ કરવો

97. નાના માર્ગ ઉપરથી મુખ્ય માર્ગ ઉપર પ્રવેશ કરતી વખતે ડ્રાઈવર ક્યાં વાહનોને અગ્રતા આપશે?
(1) પસાર થતાં દરેક વાહનોને જવા દેશે
(2) પસાર થતાં અડધાં વાહનોને જવા દેશે
(3) ડાબી તરફથી આવતાં વાહનોને જવા દેશે
(4) જમણી બાજુથી આવતાં વાહનોને જવા દેશે

98. ચાર રસ્તા ઉપર ટ્રાફિક સિગ્નલની પીળી લાઈટ દેખાય ત્યારે ત્યાં પહોંચતા વાહનના ડ્રાઈવર....
(1) હોર્ન વગાડશે અને આગળ વધશે
(2) પાછા વળી જશે
(3) સલામતી નક્કી કરીને વાહન હંકારવું
(4) થોભવા માટે વાહન ધીમું પાડશે

99. ગુજરાત રાજ્યમાં નોંધાયેલી સીએનજી ઓટોરીક્ષા કેવા રંગની હોય છે?
(1) લીલા રંગનું બોડી અને ઉપર પીળો પટ્ટો
(2) આખી ઓટોરીક્ષાનો રંગ પીળો હોય છે
(3) બોડીનો રંગ લાલ અને ઉપર પીળો પટ્ટો
(4) પીળા રંગનું બોડી અને ઉપર લીલો પટ્ટો

100. સફેદ રંગથી રસ્તા ઉપર તુટક-તુટક લાઈન ચીતરેલી હોય તો તમે શું કરશો?
(1) વાહન થોભાવી દેશો
(2) ઊભા રહી જશો
(3) તમે ટ્રેક બદલશો નહીં
(4) જરૂર પડે તો ટ્રેક બદલશો

-oOo-

PariksaPath · pariksapath.in